બઢતી માટેની ખાતાકીય પસંદગી સમિતિની પુન: રચના કરવા બાબત.

---

પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ સંવર્ગની જગ્યા પરથી પોલીસ ઈન્સ્પેક્ટર, વર્ગ-૨ સંવર્ગની જગ્યાએ બઢતી બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક:ડીવાયએસ/૧૦૨૦૧૯/૬૬૦૪૦૮/બ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૮/03/૨૦૨૦

વંચાણે લીધા: (૧) ગૃહ વિભાગના ઠરાવ ક્ર:મહક/૧૦૮૫/૧૩૬૬/સ, તા.૦૭/૧૧/૧૯૮૬

(૨) ગૃહ વિભાગના ઠરાવ ક્ર:મહક/૧૦૮૫/૧૩૬૬/સ, તા.૧૦/03/૧૯૮૮

(3) ગૃહ વિભાગના ઠરાવ ક્ર:મહક/૧૦૮૫/૧૩૬૬/સ, તા.૨૫/૦૪/૧૯૯૦

ઠરાવ:

પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ સંવર્ગની જગ્યા પરથી પોલીસ ઈન્સ્પેક્ટર, વર્ગ-૨ સંવર્ગની જગ્યાએ બઢતી માટેની ખાતાકીય પસંદગીની રચના આ વિભાગના સંદર્ભ-(3)ના તા.૨૫/૦૪/૧૯૯૦ના ઠરાવથી કરવામાં આવી છે. તેમાં સુધારો કરવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તે અંગેની પર્યાપ્ત વિચારણાને અંતે પોલીસ ઈન્સ્પેક્ટર, વર્ગ-૨ સંવર્ગની જગ્યાએ બઢતી આપવા માટેની ભલામણો સારૂ નીચે મુજબની પસંદગી સમિતિની પુન: રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી | અધ્યક્ષ |
| (૨) | મુખ્ય મથક ખાતેના વિશેષ મુખ્ય પોલીસ અધિકારી સંવર્ગના સૌથી સીનીયર અધિકારીશ્રી | સભ્ય |
| (3) | પોલીસ મહેકમની કામગીરી સંભાળતા ગૃહ વિભાગ, સચિવાલયના નાયબ સચિવ/ સંયુક્ત સચિવ/ અધિક સચિવ | સભ્ય |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અમિત ઉપાધ્યાય)
ઉપ સચિવ(ક.ગ.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- IT Cell, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ ગૃહ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઈલ.